# ગાંધીનગરના શિક્ષણની આવતીકાલ ખુબ તેજસ્વી હશે

## શિક્ષણ હબ તરીકે સતત વિકસી રહેલા શહેરમાં હજુ પણ નવી નવી યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ વિકસી રહી છે જે દાયકામાં શહેરને નવી ઉંચાઈ આપશે





ગાંધીનગર, તા.૧

ચ-રોડ પર એલીવેટેડ કોરીડોર પર સડસડાટ દોડતી મેટ્રો ટ્રેન અને તેમાંથી ઉતરીને આંતરરાષ્ટ્રીય કક્ષાની પાટનગર સ્થિત યુનિવર્સિટીઓ અને ઈન્સ્ટિટયૂટમાં અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓના ધાડેધાડા...આ દશ્ય છે આગામી દાયકા પછીના સમયનો, ગાંધીનગરના ભાવિ શિક્ષણ જગતનું...આજકાલ ગાંધીનગર જે રીતે શિક્ષણ હબ બની રહ્યું છે તે જોતા શિક્ષણ ક્ષેત્રે નગરનું ભવિષ્ય એકદમ ઉજજવળ હશે તેમાં કોઈ બેમત નથી.

એક સમયે જયાં ગણીગાંઠી માત્ર ત્રણ સરકારી કોલેજો હતી ત્યાં આજે નવ નવ યુનિવર્સિટીઓ ધમધમી રહી છે. કેજીથી પીજી સુધીનો અભ્યાસ કરાવતી અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં સવા લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં તો ગાંધીનગરમાં પોતાનું બાળક શિક્ષણ મેળવી રહ્યા છે તે બાબતનો ગૌરવભેર ઉલ્લેખ કરવામાં આવે છે. પચાસ હજાર જેટલા સ્થાનિક વિદ્યાર્થીઓ અને સિત્તેરથી પંચોતેર હજાર જેટલા સમગ્ર ગુજરાતમાંના વિદ્યાર્થીઓની પસંદગી ગાંધીનગર બન્યું છે. નિફટ, એનઆઈડી, ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ, પેટ્રોલીયમ યુનિવર્સિટી જેવી સંસ્થાઓમાં દેશભરમાંથી વિદ્યાર્થીઓ ભણવા આવે છે. આ ઉપરાંત નવીન અભ્યાસક્રમ ભણાવતી ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, રક્ષાશકિત યુનિવર્સિટી તરફ પણ વિદ્યાર્થીઓ આકર્ષાઈ રહ્યા છે. કડી યુનિવર્સિટીની પણ એક આગવી નામના છે. ઉત્તર અને મધ્ય ગુજરાતના વિદ્યાર્થીઓને આકર્ષવામાં કડી વિશ્વ વિદ્યાલય સફળ બન્યું છે. આટલી બધી યુનિવર્સિટીઓ, કોલેજો, શાળાઓના પરિણામ સ્વરૂપ શહેરને શૈક્ષણિક હબ તરીકેની ઓળખાણ મળી છે. વિદ્યાર્થીઓની સગવડ માટે શહેરમાં ૩૦૦થી ૪૦૦ જેટલી નાની મોટી હોસ્ટેલો, કોચીંગ કલાસ પણ ધમધમી રહ્યા છે. કેટલાક વાલીઓ તો એવા છે કે જે માત્ર પોતાનું બાળક ગાંધીનગરમાં ભણતું હોવાથી અહીં મકાન ભાડે લઈને રહે છે.

આગામી દિવસોમાં અહીં શિક્ષણ જગતનો વિકાસ ખુબ ઝડપથી થશે તે ચોકકસ છે. અમદાવાદ કરતાં ગાંધીનગરમાં શૈક્ષણિક સંસ્થા શરુ કરવી પ્રમાણમાં સસ્તી પડે છે અને અહીં વિશાળ જગ્યાના પરિણામે વિદ્યાર્થીઓને મોકળાશ પણ ખુબ મળે છે. ગાંધીનગર સરખેજ, કોબા અમદાવાદ અને ગાંધીનગર-ઈન્દિરા બ્રિજ સુધીના માર્ગનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે. નવી નવી સંસ્થાઓ શરુ થઈ રહી છે. રહેણાંક વિસ્તાર વિકસી રહ્યા છે તે જોતા આગામી દાયકામાં અમદાવાદ-ગાંધીનગર ટવીન સિટી તરીકે ઓળખાશે વળી મેટ્રો ટ્રેન જેવી સુવિધાની પણ સૌ અપેક્ષા રાખી રહ્યા છે. આગામી દાયકામાં અહીં અનેક નામાંકિત આંતરરાષ્ટ્રીય કક્ષાની શૈક્ષણિક સંસ્થાઓ શરુ થઈ ચુકી હશે. માત્ર ઉત્તર ગુજરાતના જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓની પહેલી પસંદ ગાંધીનગર રહે છે. વિદ્યાર્થીઓ માટે જુદા જુદા સમાજોની મોટી મોટી હોસ્ટેલો હશે. સરકાર દ્વારા પણ ઘણા છાત્રાલયો શરુ કરવામાં આવશે. ઈજનેરી, મેડીકલ જેવા અભ્યાસ ક્રમોમાં પ્રવેશ માટેની તાલીમ આપતા કોચીંગ કલાસની સંખ્યા પણ સવિશેષ હશે. યુપીએસસી-જીપીએસસીની પરીક્ષાઓની તૈયારી કરાવતા નામાંકિત કોચીંગ કલાસીસની શાખાઓ પણ અહીં પાટનગરમાં જ હશે. શિક્ષણ ક્ષેત્રનો વિકાસ એક ઈન્ડસ્ટ્રી તરીકે થયો હશે અને તેને જોડાયેલી અન્ય ઈન્ડસ્ટ્રીઝ અને વેપાર-ધંધો પણ અહીં ખુબ ફુલ્યો ફાલ્યો હશે. અવારનવાર નામાંકિત આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓના દિગ્ગજજોનો મેળાવડો અહીં જામશે. આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક કોન્ફરન્સો, પ્રદર્શનો અહીં યોજાશે.

યુવા વર્ગની સવિશેષ હાજરી હોય ત્યાં મનોરંજન માટેના સ્થળોનો વિકાસ થયા વિના કેમ રહે...! ગાંધીનગરમાં રાત્રે દસ વાગ્યા પછી ચાની લારી પણ ખુલ્લી જોવ ન મળે તેવા દિવસો આગામી દાયકામાં તો નહીં જ હોય. શુષ્ક નગર તરીકની છાપ આવતા દાયકામાં તો ભૂંસાઈ જ જશે. શહેર સાંસ્કૃતિક, સામાજિક પ્રવૃત્તિઓથી ધમધમતું બની જશે. નવા ગાંધીનગર તરીકે ઓળખાતા કોબા-રાયસણ વિસ્તારમાં એક નવું ટાઉનહોલ અને વાવોલ વિસ્તારમાં પણ એક નાટયગૃહ હશે જેમાં સતત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચાલતી હશે. આંતરરાષ્ટ્રીય ફૂડ રેસ્ટોરન્ટ ચેનલની ફ્રેન્ચાઈઝી તો શહેરમાં કયારનીય શરુ થઈ ગઈ છે. તેમાં દિવસે દિવસે વધારો થતો જશે અને અહીં બધું જ આંતરરાષ્ટ્રીય ફુડ ઉપલબ્ધ બની જશે. રેસ્ટોરન્ટ, હોટલો અને ડિસ્કો કલબ શહેરમાં ધમધમશે. જે શહેરને આગવી નાઈટલાઈફ આપશે. આગામી દાયકામાં શહેરની શુષ્ક નગર તરીકેની છાપ સાવ ભૂંસાઈ જશે. શહેર વિદ્યાર્થીઓ-યુવાઓની અવરજવરથી ધમધમતું બની જશે.

# આપણો જિલ્લો નિર્મળ જિલ્લો બનાવવાનો સંકલ્પ લઈએ : હીના પટેલ

## પંચાયતના અધિકારીઓ સાથે યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરી અધિકારીઓ ને ટીમ ગાંધીનગર તરીકે કામ કરવા અપીલ

ગાંધીનગર, તા.૧

ઓગષ્ટ એ ક્રાંતિનો માસ છે ત્યારે આપણે 'આપણો જિલ્લો નિર્મળ જિલ્લો' ના સંકલ્પ સાથે સ્વચ્છતા અભિયાનના શ્રી ગણેશ કરીએ. ટીમ ગાંધીનગર તરીકે આપણે પૂ. બાપુના આગ્રહને આપણો સંકલ્પ બનાવી શ્રધ્ધાંજલિ અર્પીએ તેમ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલે આજે યોજનાઓની સમીક્ષા દરમિયાન અધિકારીઓને સૂચવ્યું હતું.

શ્રીમતિ પટેલે જણાવ્યું હતું કે સ્વચ્છ જિલ્લો સ્વસ્થ જિલ્લો સાક્ષર જિલ્લો બની ગુજરાતમાં મોડેલ ડિસ્ટ્રીકટ તરીકે આપણી ઓળખ બનાવીએ. તેમણે કહ્યું હતું કે જિલ્લામાં ગુણોત્સવના અંતિમ પરિણામમાં આપણી એક પણ શાળા સી ગ્રેડની નથી તો હવે બધી જ શાળાઓ એ અને એ+માં સ્થાન પામે તેવું આયોજન કરીએ. હજુ નવા શૈક્ષણિક સત્રનો આરંભ થયો છે એટલે મોડા નથી.

તેમણે એમ પણ કહ્યું હતું કે જિલ્લામાં એક પણ બાળક કુપોષણથી પિડાય નહિ અને સ્વસ્થ સમાજ રચના માટે જન જાગૃતિ કેળવીએ. તેમણે ગ્રામ્ય વિસ્તારમાં તબીબો રાત્રિ રોકાણ કરે તેમજ આરોગ્યની સેવાઓ ગુણવત્તાસભર મળી રહે તે દિશામાં સહિયારો પુરુષાર્થ કરીએ. શ્રીમતિ હીના પટેલે યોજનાના લક્ષ્યાંકોની સિદ્ધિમાં આપણે ૧૦૦ ટકા હાંસલ કરવા કટિબધ્ધ બનીએ અધિકારીઓ અને પદાધિકારીઓ ટીમ ગાંધીનગર તરીકે કામ કરીએ.

શ્રીમતિ હીના પટેલે ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં રહેતા બાળકોને તેમને મળવાપાત્ર તમામ સવલતો અને સુવિધાઓ મળે તે માટેનું સતત મોનીટરીંગ કરવા માટે પણ આગ્રહ કર્યો હતો.

જિલ્લા પંચાયતના નવા વરાયેલા પ્રમુખ સાથે આજે પ્રથમ બેઠક અધિકારીઓ સાથે યોજાઈ હતી. પંચાયતની ૧૮ જેટલી શાખાના અધિકારીઓ હાજર રહી અને વિવિધ યોજનાઓની જાણકારી આપી થયેલી કામગીરીની વિગતો રજુ કરી હતી.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફતે વ્યકિતગત, સામુહિક, પ્રાથમિક શાળા અને આંગણવાડી માટે શૌચાલયો બનાવવા ઉપરાંત ઘનકચરા, ગંદા કચરા, નરેગા યોજનાની કામગીરી અને માહિતીથી વાકેફ કર્યા હતાં.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.જે. ભટ્ટ દ્વારા પ્રમુખ જિલ્લા પંચાયત દ્વારા શાખાધિકારીઓ સાથે બેઠક ગોઠવી કામગીરીનું રીવ્યું ગોઠવવા બદલ પ્રમુખશ્રીને અભિનંદન પાઠવ્યા હતા અને દરેક શાખાધિકારીશ્રીએ તેમના વિભાગ મારફતે થતી કામગીરીની માહિતી જિલ્લા પંચાયતના દરેક સદસ્યને આપવા સુચન કર્યું હતું, તેમજ સિંચાઈમાં નરેગાના બજેટનો ઉપયોગથી કામો કરવા જણાવ્યું હતું.

અધ્યક્ષસ્થાને બોલતા હીનાબેન પટેલે જણાવ્યું હતું કે તમામ શાખાધિકારીઓ શાખા દ્વારા થતી કામગીરી અંગે તેઓના ચેરમેન અને જિલ્લા પંચાયતના સદસ્યોને માહિતગાર કરી તેમને સાથે રાખવાથી યોજના તેમજ વિકાસની કામગીરી આપણે સારી રીતે કરી શકીશું. તેવો આશાવાદ વ્યકત કર્યો હતો તેમજ દર માસે શાખાધિકારીશ્રીઓ સાથે રીવ્યુ બેઠક ગોઠવવા પણ જણાવ્યું હતું.


### સરદાર સરોવર નર્મદા નિગમ લી.

બ્લોક -૧૨/૬, પીઆર શાખા, નવા સચિવાલય, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨ ૫૨૭૩૫

**ટુંકી નિવિદા**


એગ્રી ટેક એશિયા-૨૦૧૩ (૯ થી ૧૧ સપ્ટેમ્બર)ના પ્રદર્શનમાં નર્મદા યોજનાના સ્ટોલ માટે નીચે મુજબની કરવાની થતી કામગીરી માટે રસ ધરાવતી અનુભવી એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. આ અંગેની ટેન્ડરની વધુ વિગતો માટે કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા મુખ્ય નહેર વિભાગ નં.૨, બ્લોક નં.૯, ૮મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૧૩૩ અને ડિઝાઈન તથા અન્ય વિગત માટે નિગમની જનસંપર્ક શાખાનો સંપર્ક કરવો. ફોન નં. : ૦૭૯-૨૩૨ ૫૪૫૯૫

| અનુ. | કામની વિગત | અંદાજીત કિંમત | (૧) ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ (૨) ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ | નોંધ |
|---|---|---|---|---|
| ૧. | એગ્રી ટેક એશિયા ૨૦૧૩ના સ્ટોલમાં સ.સ.ન.નિ.લી.નું પ્રદર્શન તૈયાર કરવા બાબત | રૂ. ૮ લાખ | (૧) ૧૨-૮-૨૦૧૩ (૨) ૨૧-૮-૨૦૧૩ | કચેરી સમય પુરો થાય ત્યાં સુધી |

વેબસાઈટ : www.sardarsarovardam.org
માહિતી : ૮૯૬/૧૩-૧૪

ખાસ ફરજ પરના અધિકારી (પીઆર)
સસનનિલી, ગાંધીનગર


## શબ્દાવલી - ૫૧૩૭




### આડી ચાવી

૧. સાવકું (૪)
૩. વિશ્વાસ (૩)
૫. ઝાપટ (૩)
૬. જમીનની ફળદ્રુપતા વધારવા ... અને પાણી નાખવું પડે (૩)
૮. આપના આગમનથી પ્રસંગની... માં અભિવૃદ્ધિ થઈ (૨)
૯. આજ્ઞા, શણના કોથળા (૩)
૧૩. હાથી (૨)
૧૫. ... અસાર છે, ગૃહસ્થી (૩)
૧૬. ખેલ, ગેમ (૩)
૧૮. મલાઈ (૨)
૧૯. સીતાને લોભાવનાર મૃગ બનેલ રાક્ષસ (૩)
૨૧. આખા દિવસમાં કરેલા કાર્યની નોંધ (૪)

### ઊભી ચાવી

૧. ... મોટી ખાણ છે (૪)
૨. નથણી, નાકનું ઘરેણું (૨)
૩. હિંચકો (૨)
૪. રહેઠાણની પ્રણાલી (૪)
૭. ગતિ (૪)
૧૦. ચોક્કો એટલે ચાર... (ક્રિકેટમાં) (૨)
૧૧. પહેલાનાં રાજાઓ વેશપલટો કરીને... કરવા નીકળતા (૫)
૧૨. લાપસી, એક વાનગી (૩)
૧૪. યમ (૨)
૧૫. સંતાન, ઓલાદ (૩)
૧૭. તપ કરનાર (૩)
૧૯. સન્માન (૨)
૨૦. ધનવાન માણસને... ફેમીલીનું પણ કહેવાય (૨)

### શબ્દાવલી ૫૧૩૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) અરમાન (૪) ચોપાટ (૬) ખળભળાટ (૮) ખાપણ (૧૦) લોભ (૧૨) મણ (૧૩) કમાન (૧૪) વલુર (૧૫) જામ (૧૭) કામણ (૧૮) સવલત (૨૦) તડપ (૨૧) તવારીખ

**ઊભી ચાવી :-** (૧) અળખામણું (૨) માખણ (૩) નળ (૪) ચોળા (૫) પાટલો (૭) ભરમાર (૯) પણ (૧૧) ભલામણ (૧૩) કલુષિત (૧૫) જામગરી (૧૬) કાવડ (૧૮) સત (૧૯) લપ


# ગાંધીનગરમાં વસનાર જાતકો બુદ્ધિશાળી અને પરાક્રમી હોય

તા. ૦૨/૦૮/૧૯૬૫ - ૮:૩૦ સવારે
ગાંધીનગર
નક્ષત્ર હસ્ત (૩) ચરણ રાશિ : કન્યા
તિથિ : શુક્લ-૩ યોગ : સિદ્ધ
કરણ : કૌલવ નાડી : મધ્ય
(આકૃતિ)

જયોતિષ શાસ્ત્રના જગતમાં તેરમાં રાશિ ચક્રમાં ૧૬૦.૦૦ ડીગ્રીથી ૧૭૦.૨૦ ડીગ્રી સુધીના વિસ્તાર ક્ષેત્રે હસ્ત નક્ષત્ર છે. હસ્ત નક્ષત્રનું તાત્પર્ય હાથ છે. હસ્ત નક્ષત્રનું પ્રતિક પાંચ સિતારા છે. જે હાથની પાંચ આંગળીઓ આકાર છે. એવા હસ્ત નક્ષત્રનાં (૩) ચરણ ગાંધીનગરનો જન્મ થયો.

હસ્ત નક્ષત્રના અધિષ્ઠાતા દેવતા આદિત્ય સૂર્ય છે. વિષ્ણુ પુરાણના અનુસાર દક્ષની પુત્રી અદિતિએ ઋષિ કશ્યપના વિવાહમાં આપવામાં આવી હતી. જેનાથી તેમે નર પુત્રો થયા. તેથી બધા જ પુત્રો આદિત્ય કહેવાય છે. સૂર્ય અદિતિના નરપુત્રો માંના એક છે. એક અન્ય વિચરણ અનુસાર જયારે દેવતાઓના રાજા ઈન્દ્ર જે વર્ષાના દેવતા છે. સ્વર્ગ ને ધરતીથી અલગ કરી દીધું તેની એક પદ સિદ્ધ થાય છે કે ગાંધીનગરમાં વર્ષાનું પ્રમાણ સારૂં રહે છે.

ગાંધીનગરનો જન્મ સિંહ લગ્નમાં થયેલો છે. તેથી સામાન્ય રીતે આ શહેરમાં વસનાર જાતકોનું સ્વાસ્થ્ય સુંદર અને શક્તિશાળી જણાય છે. આ શહેરમાં વસનાર જાતકોનાં સ્વભાવમાં શાંત અને મુસ્કાનની વિલક્ષણતા જોવા મળે છે. એમના મધુર




મુસ્કાનમાં બીજાને આકર્ષિત કરે તેવી ચુંબકીય શક્તિ જોવા મળે છે. આ શહેરમાં વસનારા લોકો નીડર અને ઉચ્ચ અધિકારીઓ સાથે વાતચીત કરવામાં કોઈ શરમ અનુભવતા નથી. સંસારમાં જરૂરી બધા જ શુભ તથા અગત્યનાં કાર્યો ઉત્સાહ પૂર્વક પુરા કરે છે અને એમનાં પ્રયત્નોના કારણે તેમને સફળતા પણ પૂર્ણ પણે પ્રાપ્ત થાય છે.

અહિં વસનારા જાતકોને બુદ્ધિ - પરાક્રમી તથા તેમની કાર્ય શૈલી ઉપર તેમને પૂર્ણ વિશ્વાસ હોય છે. આ ભૂમિ પર વસનાર લોકોમાં પુત્રની સંખ્યા વધુ જોવા મળે છે. પોતાના ગુણો અને પરાક્રમોના આધારે જાતકો દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરે છે. નેતાગીરી કરવામાં જાતકો પોતે પોતાની અગ્રિમતા દર્શાવવા ખુબ જ પ્રયગ્નો કરે છે. સામાજિક પ્રતિષ્ઠાનું ધોરણ વધુ જોવા મળે છે. માનહાનિ જેવા પ્રસંગો ખુબ નહિવત જોવા મળે છે.

લગ્ને રહેલા બુધ પોતાના ધન ભુવનની બારમે અને લાભ ભુવનથી ત્રીજે રહીને સાતમે દૃષ્ટિ કરે છે. આ લગ્નમાં રહેલો બુધ વિદ્યાકારક તરીકે ચતુર્થ ભૂવનથી દસમે રહે છે. એટલે અહીં વિદ્યાક્ષેત્રાનો વિકાસ ખૂબ જ ઉત્તમ બની રહે છે. લોકોમાં વિદ્વતા પણ વિકસીત બની રહે છે. આ ભૂમિ પર રહેનાર કોમળ અને વિલાસી જીવન પસાર કરે. આ ક્ષેત્રમાં લેખક, નવલકથાકાર, ડૉકટરો, પ્રોફેસરો - વાણીથી ચાલતા વ્યવસાયમાં યોગ નિષ્ઠતા જણાય તેવું સૂચવાય છે.

જન્મ લગ્ન ઉપર શનિની સાતમે દૃષ્ટિ હોવાથી આ બુધ ગણિત અને એકાઉન્ટ બાબતમાં તથા સારા એન્જીનીયરોની સંખ્યા અહીં વધુ જણાય છે. આ ભૂમિકા ઉપર વસનાર પહેરવેશનાં વરણાગીયા હોય. સપ્તમ સ્થાન ઉપર દૃષ્ટિ સ્ત્રી પુરૂષ બંનેનાં જીવન માટે જીવનસાથીના ઉણપ રહે છે.

અહી રહેલ શુક્ર ત્રીજા ભાવ અને દસમા ભાવનો માલિક લગ્નેશનો દુશ્મન ગણ્યો છે. જેથી આ શુક્ર અહિં રહેનારા લોકોની મુખાકૃતિ સુંદર દેખાવવાળી તથા વાણીની મોહક છટા વાળા તેમજ જાત જાતનાં કપડાં શોખીન તથા નાટક, ગીત, કલા અને સિનેમાનાં શોખિન લોકોનો વસવાટ થાય સ્વભાવથી ખુબ જ મિલનસાર જણાય.

કન્યા રાશિનો ચંદ્ર વ્યયના માલિક તરીકે ધનભાવમાં હોવો અને તેમાં ધન પ્રાપ્તિ માટે ઉપાધિ કરે છે તેથી મધ્યમ ધન વાળા બનાવે.

લગ્નનો માલિક સૂર્ય મંગળની દૃષ્ટિ હોવાથી, અહિં વસનારા લોકોમાં એસીટીડી, હાર્ટ એટેક તથા ડાયાબિટીશ, લકવો, ચર્મરોગોની ભયસૂચકત બતાવે છે.

ચતુર્થથી અગિયારમે અને ભાગ્ય સ્થાનથી છઠ્ઠે ધનમાં રહી. આ મંગળ પંચમ, અષ્ટમ ને ભાગ્ય પર પર દૃષ્ટિ કરતો હોવાથી ઘણા સારા વકીલો, વક્તાઓ, નેતાઓનું ઉદ્ભવ સ્થાન બની રહે.

આ ભૂમિ ઉપર સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખુબ જ જોવા મળે લોકોને ઉત્તમ ભોજન - સ્વાદિષ્ટ અને પૌષ્ટિકતા ખાવામાં આનંદ અનુભવે છે.

અહિં વસનારા જાતકોનાં સંતાનોમાં પાંચમા ભાવનો માલિક ગુરૂ ૧૦માં ભાવે સ્થિતિ છે. તે રાહુથી યુતિ થયેલ હોવાથી તે ભાવમાં ચાંડાલ ક્ષતિ થાય છે.

## નગર ફળ કથન

**- કિશોર એસ. ત્રિવેદી**

માતા પિતાનાં હરહંમેશ સંતાન તરફની ચિંતા જીવન પર્યંત સતાવશે. યોગ્ય અને મર્યાદિત પ્રેમ કરવાનું પસંદ કરવું તે યોગ્ય છે. સમજદારી પૂર્વક અને બુદ્ધિપૂર્વક સાવચેતી સંતાન પક્ષથી ચિંતિત કરશે નહિ. આર્થિક પાસુ જોતાં ગાંધીનગરમાં સટ્ટાકીય રીતે, સ્ટોક માર્કેટનું પ્રમાણ વધુ જણાય છે. ગાંધીનગરનાં લોકોની સ્વરાજ સંસ્થા નથી. તેનું કારણ કર્મભાવમાં રાહુ ગુરૂની યુતિ થતી હોવાથી કર્મની ઉચ્ચતા પ્રાપ્ત થતી નથી.

અહીંયા આકસ્મિક મૃત્યુ તથા આત્મહત્યાના પરિણામો વધુ જોવા મળે છે. કારણ કે આયુષ્યભુવનનો માલિક રાહુથી દૂષિત થયેલો છે અને શનિની દૃષ્ટિ છે. અકસ્માતનું પ્રમાણ આત્મહત્યા કરતા ઘણું ખરૂં ઓછું જોવા મળે છે. આ ભૂમિના જાતકો અતિ મહત્વકાંક્ષી અને સ્થિર વિચારસરણી વાળા અને સટ્ટાકીય રીતે આર્થિક પાસાને મજબૂત બનાવવા પ્રયત્ન કરતા હોય છે. અહીંનાં જાતકો સ્વભાવે ચંચળ અને પ્રેમ પ્રસંગ તરફ અતિ અને અવૈદ્ય કાર્યોને લીધે તેમનું સામાજિક જીવન તંદુરસ્ત જોવા મળતું નથી. અહીંનાં જાતકો વ્યવસાયના મામલે ઔદ્યોગિક ક્ષેત્રમાં કોઈ વિકસીતતા કરી શકતા નથી. કૃષિક્ષેત્રનો માલિક અહીં ધન સંચય કરી શકતો નથી અને અધિક લાભ પણ પ્રાપ્ત કરી શકતો નથી અને અને આ પરિસ્થિતિનો ખેડૂતે સામનો કરવો પડે છે. ગુરૂ - સૂર્ય તથા મંગળ રેવતી નક્ષત્રમાં શનિ પુષ્પ નક્ષત્રમાં હોવાથી અહીની ભૂમિકામાં રાજકારણ ક્ષેત્રમાં વિજયી બની રહે. શુક્રની પ્રાધાન્ય ભૂમિ હોવાથી પ્રતિનિધિત્વ રૂપી નોકરી તથા સરકારી કાર્યોની ભૂમિ બની રહે. આ ભૂમિમાં જાતકો સંયુક્ત ધનદોલત સંચય કરે પરંતુ વ્યવહારિક નાણાકીય ઋતુચક્ર સુદૃઢ જોવા મળતું નથી. આ ભૂમિમાં સામાજિક ક્ષેત્રમાં ઈર્ષ્યાની ભૂમિ વધુ પડતી જોવા મળે છે. શુક્ર-શનિ દૃષ્ટ હોવાથી ઘણી નિર્ધનતા જોવા મળે. સરકારી ક્ષેત્રમાં રહેલાં લોકોને સરકારથી ખુબ જ લાભ પ્રાપ્ત થાય આને રાજનૈતિક પદ પણ સહેલાઈથી પ્રાપ્ત થાય.


કન્યા રાશિનો ચંદ્ર વ્યયના માલિક તરીકે ધનના ભાવમાં હોવો તે ધનોપાર્જનમાં ઉપાધિ સમાન ગણી શકાય. લગ્નનો માલિક રવિ મંગળથી દૃષ્ટ કે યુક્ત હોય તો વિપરીત દશામાં હોવાથી આત્મહત્યાના પરિણામો વધુ બને.

ચતુર્થી અગિયારમે ભાતૃ સ્થાનથી છઠે ધનમાં રહી આ મંગળ પંચમ, અષ્ટમ ને ભાગ્ય પર દૃષ્ટિ થતી હોવાથી સંતાનો માટે ચિંતાતુર અને ખેતીની જમીનથી ધન સંપ્રાપ્તિ થાય અહીંયા કુંડળીમાં સપ્તમ સ્થાન ઉપર મંગળ દૃષ્ટિએ હોવાથી અને શુક્રથી યુતિ લોકોને નાટકીય પ્રવૃત્તિ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રૂચિકારકતા રાખે. આ ભૂમિ ઉપર વસનાર ધન કમાવવા નૈતિક અને અનૈતિક કાર્ય શૈલી વાપરીને આર્થિક ઉપાર્જન કરવામાં સક્ષમ બને અને લોભ અને ઈર્ષ્યા વૃત્તિ પણ જણાય. ઔદ્યોગિક ક્ષેત્રમાં કર્મભાવે અડચણ યુતિ થતી હોવાથી ઔદ્યોગિક વિકાસ ધનાઢ્ય બની શકે નહીં અને આર્થિક ઉન્નતિ માટે નોકરીએ જ મહત્વનું પાસું બની રહે. અનૈતિક કાર્ય કરીને આર્થિક ઉપાર્જન કરવાની કળા વધુ જણાય.

આ કુંડળીમાં રહેલ ગુરૂ પંચમથી સાતમે અને આઠમેથી ચોથે લાભ સ્થાનમાં રહીને તૃતીય પાંચમને સત્યમ પર દૃષ્ટિ કરશે. આ ગુરુ પોતાના ક્ષેત્રમાં સુમેળ - સહકાર રાખીને જીવનાર લોકોને ધન લાભ કરાવશે. વ્યાપારિક કામો બુદ્ધિપૂર્વક કરવાથી સફળતા મળે. અહીં સૂર્ય કર્ક રાશિમાં દૃષ્ટિગોચર થાય છે. આ સૂર્ય લગ્નનો માલિક તરીકે બારમે હોવાથી લોકો રાજકારણમાં વધુ પડતો ભાગ લેતા જોવા મળે છે. આત્મજ્ઞાનની ખોજ માટે શુભદશામાં આ સૂર્યદેવ દેવીભક્તિ તથા માતૃસેવા કરવાથી વધુ પડતી સુખની મમતા જોવા મળે.








ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

**સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ**